# લગ્નના બીજા જ દિવસે પત્નીને સસરા પિયર લઈ જતા પતિનો ફાંસો

**મિત્રોના** ફોન ન ઉપાડતાં ઘરે આવી બારીમાંથી જોતા ઘટનાની જાણ થઈ



સુરત : ઊન વિસ્તારમાં લગ્નના બીજા જ દિવસે 26 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

ઊન પાટિયા રઝા ચોક ખાતે આવેલા નસીમા નગરમાં રહેતો 26 વર્ષીય રિઝવાન ઈસ્માઈલ મોહમ્મદ ગરમ મસાલાના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. રવિવારે જ રિઝવાનના લગ્ન થયા હતા. લગ્નના દિવસે ડીજેના કાર્યક્રમ દરમિયાન તેની ગર્ભવતી ભાભીને પેટના ભાગે વાગી ગયું હતું.

જેથી સોમવારે બપોરે પરિવારજનો તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. દરમિયાન સમાજની વિધિ મુજબ રિઝવાનના સસરા ઘરે આવ્યા હતા અને તેની પત્નીને પિયરે લઈ ગયા હતા. પત્ની સસરા સાથે ગયા બાદ થોડા સમયની અંદર જ રિઝવાને રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

પરિવારજનોને દરવાજો તોડી તેને નીચે ઉતાર્યો હતો. રિઝવાનને એપેન્ડિક્સનું ઓપરેશન પણ કરાવવાનું હતું. તેમજ ઘટના બાદ રિઝવાનની પત્ની સહિતના પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા છે.

ઘટનાને પગલે ભેસ્તાન પોલીસના હેડ કોન્સ્ટેબલ સુજીત ભાઈએ વધુ તપાસ હાથ ધરી છે. રિઝવાને કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે અંગે તપાસ ચાલી રહી છે.

# ખજોદમાં કચરાનિકાલમાં 'ખેલ'?, 790ને બદલે 1180 ચૂકવવા પડશે

**અગાઉ** કચરાના ઢગલા વધતા હતા ત્યારે ટેન્ડર પ્રક્રિયા અટકાવાઈ હતી, નવું ટેન્ડર ઊંચું આવ્યું

**હવે** SWM વિભાગના ફેરબદલ બાદ ફાઇલ TSC સુધી પહોંચતા અધિકારીઓમાં ચર્ચા

સુરત : સુરત મનપાની ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર કચરાના નિકાલને લઈને હવે ફરી એક વખત સવાલો ઊભા થયા છે. એક તરફ ખજોદ ખાતે હાલ ઘન કચરાના પ્રોસેસિંગ માટે પ્રતિ મેટ્રિક ટન રૂ.790 ચૂકવવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ મનપાએ હવે ખજોદ ડિસ્પોઝલ સાઈટ કેમ્પસમાં જ અલગ જગ્યાએ 750 મેટ્રિક ટન ઘન કચરાના વૈજ્ઞાનિક પ્રોસેસિંગ અને નિકાલ માટેના નવા ટેન્ડરને વહીવટી મંજૂરી આપી છે. ખાસ વાત એ છે કે નવા ટેન્ડરમાં લોએસ્ટ બિડ રૂ.1180 પ્રતિ મેટ્રિક ટન આવી છે. એટલે કે , હાલની કામગીરીના રૂ.790ના દરની સરખામણીએ નવા કોન્ટ્રાક્ટ માટે પ્રતિ ટન રૂ.390 વધુ ચૂકવવાની સ્થિતિ ઊભી થઈ છે. જો 750 મેટ્રિક ટન દૈનિક ક્ષમતા પ્રમાણે ગણતરી કરવામાં આવે તો માત્ર દરના તફાવતથી જ રોજનો વધારાનો ખર્ચ રૂ.2.92 લાખ જેટલો થાય છે. જોકે, આ બંને કોન્ટ્રાક્ટની શરતો અને કામગીરીનો વ્યાપ અલગ હોઈ શકે છે, તેથી અંતિમ નાણાકીય સરખામણી ટેન્ડરની સંપૂર્ણ શરતોના આધારે જ થઈ શકે. હવે સ્થાયી સમિતિ આ દરખાસ્તને કેવી રીતે જુએ છે અને રૂ.1180ના દર સામે શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

## કચરાના ઢગલા છતાં ટેન્ડર કેમ અટકાવાયું?

મનપા દ્વારા છેલ્લા ત્રણ-ચાર સપ્તાહથી હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયામાં બે એજન્સીઓ ક્વોલિફાય થઈ હતી. ટેન્ડર ખૂલ્યા બાદ પ્રથમ ક્રમની લોએસ્ટ એજન્સીએ રૂ.1180 અને અન્ય એજન્સીએ અંદાજે રૂ.1300 પ્રતિ મેટ્રિક ટનના ભાવ ભર્યા હોવાનું જાણવા મળે છે. ચર્ચા મુજબ, ટેન્ડરની પ્રાઇઝ બિડ ખૂલી ગયા બાદ પણ પ્રક્રિયા આગળ વધારવામાં આવી નહોતી. આ દરમિયાન ખજોદ ખાતે કચરાના ઢગલા એકત્ર થતાં રહ્યા હતા. હવે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં થયેલા ફેરફાર બાદ તાત્કાલિક ધોરણે ટેન્ડરની ફાઇલ TSC સમક્ષ રજૂ કરવામાં આવી હોવાની ચર્ચાએ મનપાના વર્તુળોમાં સવાલો ઊભા કર્યા છે. પ્રક્રિયામાં પ્રાઇઝ બિડ ક્યારે ખોલવામાં આવી અને TSC સમક્ષ ફાઇલ ક્યારે રજૂ થઈ તેની તારીખવાર તપાસ કરવામાં આવે તો પ્રક્રિયામાં વિલંબ પાછળનું કારણ સ્પષ્ટ થઈ શકે તેમ છે.

### સવાલોના ઘેરામાં ટેન્ડર પ્રક્રિયા

» પ્રાઇઝ બિડ કઈ તારીખે ખૂલી?
» બિડ ખૂલ્યા બાદ ફાઇલ કેટલા દિવસ અટકી?
» TSC સમક્ષ ફાઇલ કઈ તારીખે રજૂ થઈ?
» કચરાના ઢગલા વધતા હોવા છતાં ટેન્ડર પ્રક્રિયા કેમ અટકાવવામાં આવી?
» રૂ.790ના હાલના દરની સામે રૂ.1180નો નવો દર કેમ જરૂરી બન્યો?
» ઉંબેર સાઇટમાં થયેલા વિલંબની જવાબદારી નક્કી થઈ કે નહીં?

## સંક્ષિપ્ત સમાચાર

### દયાળજી અનાવિલ કેળવણી મંડળના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળમાં વર્ષ 2026-27 માટેના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે સંજય દેસાઈ (મોટા વરાછા), ઉપપ્રમુખ તરીકે પ્રદીપ દેસાઈ (અડાજણ), મંત્રી તરીકે ધર્મેશ દેસાઈ (અડાજણ), સહમંત્રી તરીકે ગ્રીનિજ દેસાઈ (કતારગામ), ખજાનચી તરીકે હિરલ નાયક( નવસારી )ની તા.27મી સપ્ટેમ્બરના રોજ મળેલી કારોબારી સમિતી દ્વારા નિમણુંક કરવામાં આવી છે.

### સુરત મ.ન.પા. પેન્શનર સિનિયર સિટિઝન ક્લબની માસિક મિટિંગ અડાજણ ખાતે મળી

સુરતઃ સુરત મહાનગરપાલિકા પેન્શનર સીનિયર સિટિઝન ક્લબની માસિક મીટિંગ તા. 26 સપ્ટેમ્બરે શનિવારે ઈશીતા પાર્ક, અડાજણ ખાતે યોજાઈ હતી. પ્રમુખ ધાર્મિક ટૂરમાં હોવાથી, મીટિંગ ઉપપ્રમુખ પ્રફુલ્લભાઈ દેસાઈના પ્રમુખ સ્થાને મળી હતી. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત બ્રહ્માકુમારીનાં સ્મીતા બહેને આધ્યાત્મિક વિષય પર ઊંડાણપૂર્વક અને વિસ્તૃત સમજણ આપી હતી. મહામંત્રી રાજેન્દ્રભાઈ લોઠે દ્વારા તેમનું સ્વાગત કરી આવકારવામાં આવ્યા હતા. આ મીટિંગમાં સીનિયર સિટિઝન પેન્શનર ક્લબનાં હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભાર વિધિ ખજાનચી દિલીપભાઈ નાયક દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ભંડારી જ્ઞાતિ દ્વારા ૧૦૦ વિદ્યાર્થીઓના સન્માન કરવામાં આવ્યા



સુરતઃ શ્રી સમસ્ત ચોર્યાસી ભંડારી જ્ઞાતિ પંચ, સુરત દ્વારા રવિવારે સવારે તેજસ્વી વિદ્યાર્થીઓ અને ઉચ્ચ અભ્યાસ (પોસ્ટ ગ્રેજ્યુએશન)નો ઉત્સાહ વધારવા માટે અડાજણ ખાતે સરિતા સાગર સંકુલ ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓને ભંડારી જ્ઞાતિના હોદ્દેદાર સહિતના સેવાભાવી વ્યક્તિઓનું સન્માન કરીને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

### KGNWT દ્વારા મોટાપીર શેખ અબ્દુલ કાદીરના ઉર્ષ પ્રસંગે દર્દીને જમાડાયા



સુરતઃ ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી આ વર્ષે સુફી સંત મોટાપીર શેખ અબ્દુલ કાદિર જીલાનીના ૮૬૨માં ઉર્ષના પ્રસંગે તા. ૧૩-૦૯-૨૦૨૬ રવિવારે સ્મીમેર હોસ્પીટલ સહારા દરવાજા, સુરત ખાતેના ૩૦૦ દર્દીઓ માટે સાંજનું ભોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રટરી ફૈયાઝભાઈ ચીડીમાર, ઈરફાનભાઈ ગગન, દિવ્યાંગ પચ્ચીગર, બકુલ પટેલ, રફીકકાકા, અબ્દુલ વહાબ, હસ્સાન ચીડીમાર, મોહંમદ ચીડીમાર, ઉમ્મેએયમન, ફીરદોસ, ફરદીન ફૈઝાન વગેરે હાજર રહ્યા હતા.

### સુરતી મોઢ વણિક સમાજના વેપારીઓ અને પ્રોફેશનલ્સને એક મંચ પર લાવવાનો પ્રયાસ



સુરતઃ શ્રી સુરતી મોઢ વણિક અઠવા પંચ યુવક મંડળ દ્વારા સમાજના ઉદ્યોગસાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સને પરસ્પર સહયોગ તથા બિઝનેસ નેટવર્કિંગ માટે એક મંચ પર લાવવા 'AYBC' (Athwa Youth Business Connect)ની રચના કરવામાં આવી છે. તેના ભાગરૂપે રવિવારે પ્રથમ બિઝનેસ મીટિંગ યોજાઈ હતી, જેમાં ૬૦થી વધુ વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોએ નોંધણી કરાવી હતી. કાર્યક્રમમાં સુરતી મોઢ વણિક સમસ્ત પંચ તથા અઠવા પંચના હોદ્દેદારો ઉપરાંત બેન્કના ચેરમેન અમિત ગજ્જર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા હિમાંશુ બોડાવાળાએ બિઝનેસ નેટવર્કિંગ, આધુનિક વ્યાપારી અભિગમ અને પરસ્પર સહયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### દિલીપ પરેશ રોટરી આર્ટ ગેલેરી ખાતે ચિત્રકાર નટુ ટંડેલનાં ચિત્રોનું પ્રદર્શન



સુરત : ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના આર્થિક સહયોગથી જાણીતા ચિત્રકાર નટુ ટંડેલ દ્વારા આયોજિત સોલો પેઇન્ટિંગ એક્ઝિબિશન 'રિધમ્સ ઓફ નેચર'નો ગત તા.27મીથી શુભારંભ થયો છે. આ કલા પ્રદર્શનના ઉદ્ઘાટનમાં કલા જગતના અગ્રણી કલાકારો, સાહિત્યકારો તેમજ અનેક માન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રદર્શનમાં નટુ ટંડેલ દ્વારા જળરંગ (વોટરકલર) તથા વિવિધ માધ્યમોમાં તૈયાર કરાયેલાં અદ્ભુત લેન્ડસ્કેપ્સ, કુદરતી દ્રશ્યો, ગ્રામીણ પરિવેશ, ઐતિહાસિક ઘાટ અને માનવ સંસ્કૃતિની ઝાંખી કરાવતાં જીવંત ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. પ્રદર્શન તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી દરરોજ સાંજે ૪:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી સુરતના દિલીપ પરેશ રોટરી આર્ટ ગેલેરી, T &T V સ્કૂલની બાજુમાં, નાનપુરા, સુરત ખાતે ખુલ્લું રહેશે.

### સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના નવા હોદ્દેદારો વરાયા



સુરતઃ સને ૨૦૨૬-૨૦૨૭ વર્ષ માટે રમેશચંદ્ર ડી. દેસાઈની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ તરીકે, દિનકરરાય સી. નાયકની પ્રથમ ઉપપ્રમુખ તરીકે અને ચંદ્રકાન્ત શાંતિલાલ જરીવાલાની દ્વિતીય ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે તેમ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### 25 લાખના ચેક રિટર્નમાં નિર્દોષ જાહેર કરાયા

સુરતઃ રૂા. ૨૫ લાખનાં જુદા જુદા ત્રણ ચેક રીટર્ન કેસમાં ફરીયાદી અમીતગીરી સહદેવગીરી ગોસ્વામી પોતાનો કેસ શંકાથી પર સાબિત ન કરી શકતાં તથા જીતેષભાઇનાં એડવોકેટ પ્રફુલ મનુભાઇ સોલંકીની દલીલોને ધ્યાને લઇ કામરેજનાં લોકમાર્ટ ભાગીદારી પેઢીનાં ભાગીદાર જીતેષ ભુપતભાઇ દેથળીયાને કઠોર કોર્ટનાં જજ સી.આર.વત્સ દ્વારા આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ફરીયાદ મુજબ કામરેજ ખાતે આવેલ લોકમાર્ટ ભાગીદારી પેઢીમાં ભાગીદાર થવા માટે લોકમાર્ટ ભાગીદારીનાં ભાગીદાર જીતેષભાઇ ભુપતભાઇ દેથળીયાને રૂા. ૨૫ લાખ આપ્યા હતા. જેની સામે અમિતગીરીએ નાણાં પરત માંગતાં લોકમાર્ટ પેઢીનાં કુલ ત્રણ ચેકો મળી કુલ્લે રકમ ૨૫ લાખનાં ચેકો આપેલ હતાં. આ ત્રણેય ચેક રિટર્ન થયા હતા.

# પાલ ગ્રીન સિટી રોડ પર ચાલુ ઓડી કારમાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી

**બોનેટમાંથી** ધુમાડો નીકળતાં જ કારચાલક બહાર નીકળી જતાં બચી ગયા




સુરત : પાલ ગ્રીન સિટી રોડ પર સોમવારે મોડી સાંજે એક વૈભવી ઓડી કારમાં અચાનક બોનેટના ભાગે શોર્ટ સર્કિટ થવાના કારણે ભીષણ આગ ભભૂકી ઊઠી હતી.

મળતી વિગતો અનુસાર, હેમંતભાઈ પટેલ પોતાની ઓડી કાર લઈને પાલ ગ્રીન સિટી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કારના બોનેટમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. કારચાલક હેમંતભાઈ પટેલે તાત્કાલિક ગાડીને રસ્તાની સાઈડ પર ઊભી રાખી બહાર નીકળી ગયા હતા. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા કારના આગળના ભાગને સંપૂર્ણપણે લપેટમાં લઈ લીધો હતો. ચાલુ રસ્તે લક્ઝરિયસ કારને આ રીતે સળગતી જોઈને રાહદારીઓ અને સ્થાનિકોના ટોળાં એકઠા થઈ ગયા હતા.

ફાયર બ્રિગેડે દોડી આવી ગણતરીની મિનિટોમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો. કારચાલકે દર્શાવેલી સમયસૂચકતાના કારણે તેઓ સમયસર બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી અને તેમનો બચાવ થયો હતો. જોકે, આ ભીષણ આગના કારણે ઓડી કારના આગળના ભાગ સહિત એન્જિન સિસ્ટમને ભારે નુકસાન પહોંચ્યું હતું.

## સિગ્નલ લાગી ગયા, હવે મેટ્રો ટ્રેનની જોવાતી વાટ



■ સુરતના અડાજણ વિસ્તારમાં મધુવન સર્કલથી આગળ બની રહેલા મેટ્રો સ્ટેશન પાસે સિગ્નલ લગાવી દેવામાં આવ્યા છે. સુરત શહેરમાં બની રહેલો મેટ્રો પ્રોજેક્ટ હવે ક્યારે પુરો થશે તેની શહેરીજનો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે સ્ટેશને સિગ્નલ તો લાગી ગયા છે, બસ મેટ્રો ટ્રેનની જ રાહ જોવાઈ રહી છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# મેયરની ચેમ્બરમાં રજૂઆત વખતે મીડિયાને 'નો એન્ટ્રી'!

**સવાલોનો** સામનો કરવાને બદલે મેયરે આડકતરી સેન્સરશીપ લાદી દીધી હોવાની ચર્ચા

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં નાગરિકોની ફરિયાદો અને રજૂઆતો સાંભળતી વખતે મીડિયાના પ્રતિનિધિઓ ચેમ્બરમાં હાજર ન રહી શકે તે માટે સુરક્ષા કર્મચારીઓને ખાસ સૂચનાઓ અપાતાં ભારે વિવાદ સર્જાયો છે.

મનપાના ઈતિહાસમાં અગાઉ ક્યારેય કોઈ મેયરે રજૂઆત દરમિયાન પત્રકારોના પ્રવેશ પર આ પ્રકારનો પ્રતિબંધ મુક્યો નથી. લોકો પોતાની સમસ્યાઓ લઈને આવે ત્યારે મેયર સાથે થતી ચર્ચા અને તેના પર મળતા પ્રતિભાવો જાહેર જનતા સમક્ષ આવે તે અત્યાર સુધીની સ્વાભાવિક પ્રક્રિયા રહી છે. જોકે, હવે પત્રકારોને ચેમ્બરની બહાર રાખવાના વલણને કારણે વહીવટી પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

પાલિકા વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે રજૂઆતકર્તાઓ દ્વારા અવારનવાર પૂછાતા તીખા અને આકરા સવાલોના જવાબ આપવાનું ટાળવા માટે જ મીડિયાને દૂર રાખવાનો આ વિવાદાસ્પદ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય પાછળ ખરેખર કોઈ વાજબી વહીવટી કારણ છે કે પછી આકરા સવાલોનો સામનો કરવાથી બચવા માટે આ કવાયત હાથ ધરાઈ છે, તે અંગે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

# 10 હજાર કમિશનથી આપેલું બેંક ખાતુ 60 હજારે સાયબર ફ્રોડ પાસે પહોંચ્યું

**નિવૃત્ત** પાલિકાના એન્જિનિયર સાથે એક કરોડની ઠગાઈમાં ત્રણ મહારાષ્ટ્રથી ઝડપાયા

**બેંક** ખાતા સામે દેશભરમાં 29 ફરિયાદ, કુલ 16.13 કરોડની ઠગાઈ થઈ હોવાનું બહાર આવ્યું

સુરતઃ પાર્લે પોઈન્ટમાં રહેતા ૭૧ વર્ષીય નિવૃત્ત મ્યુનિસિપલ એન્જિનિયર સાથે શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી બોગસ એપ્લિકેશનના માધ્યમથી રૂ.૧.૧૦ કરોડની મસમોટી ઠગાઈ આચરનાર આંતરરાજ્ય સાયબર ઠગ ગેંગના ત્રણ આરોપીને સુરત સાયબર ક્રાઈમ પોલીસે મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યા છે.

સાયબર ક્રાઈમની ટીમે મહારાષ્ટ્રથી રાહુલ અલખનાથ રજક (ઉં.વ.૨૭, રહે., સ્ટાર ટાવર, મુંબઈ, મહારાષ્ટ્ર), આશિષ સુરેશ સોનાર (ઉં.વ.૩૭, રહે., રુદ્ર કોમ્પ્લેક્સ, નવી મુંબઈ, થાણે, મહારાષ્ટ્ર) અને ભૂષણ સુરેશ સેંદાણે (ઉં.વ.૩૪, રહે., સાવલા રામ હિરાજી માત્રે ચાલ, નવી મુંબઈ, થાણે, મૂળ જલગાંવ, મહારષ્ટ્ર) ને ઝડપી પડ્યા હતા.

પોલીસ પૂછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે પકડાયેલા આરોપી રાહુલ રજકે પોતાની ફર્મના ઉદ્યમ સર્ટિફિકેટના આધારે આઈડીએફસી બેંકમાં કરન્ટ ખાતું ખોલાવ્યું હતું. તેણે આ ખાતું રૂ. ૧૦,૦૦૦ ના કમિશનથી આશિષ સોનારને આપ્યું હતું. આશિષે તે ખાતું રૂ.૩૦,૦૦૦ ના કમિશનથી ભૂષણ સેંદાણેને આપ્યું હતું અને ભૂષણે રૂ.૨૦,૦૦૦ મેળવીને મુખ્ય વોન્ટેડ આરોપીને આ ખાતું સોંપ્યું હતું. તારીખ ૧૮/૧૦/૨૦૨૫થી ૯/૦૧/2026ના માત્ર ત્રણ મહિનામાં આ ખાતામાં કુલ રૂ.૨.૪૧ કરોડના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયા હતા.

રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રેપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર તપાસ કરતાં આ એકાઉન્ટ વિરુદ્ધ દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ ૨૯ ફરિયાદો નોંધાયેલી હોવાનું અને આ માધ્યમથી અત્યાર સુધીમાં અંદાજે રૂ.૧૬.૧૩ કરોડની છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે.

## બેંક બહાર મજૂરોને લાલચ આપી ઠગાઈ કરતી 'ગડ્ડી ગેંગ'નો વોન્ટેડ ઝડપાયો

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે પલસાણાના દાસ્તાન બ્રિજ નજીક વોચ ગોઠવી મૂળ ઉત્તરપ્રદેશના રમેશ ગૌડને ઝડપી પાડ્યો હતો. સંજય ગૌડ સુરતના કતારગામ, અડાજણ તેમજ નવસારીના મરોલી પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડીના ત્રણ ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ હતો. અગાઉ પણ આ આરોપી મુંબઈ અને ઉત્તરપ્રદેશમાં ઠગાઈના ગુનામાં ઝડપાઈ ચૂક્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. પોલીસ પૂછપરછમાં આ ગેંગની કામ કરવાની પદ્ધતિ (મોડસ ઓપરેન્ડી) સામે આવી છે. જેમાં ગેંગના સભ્યો બેંકની આસપાસ રેકી કરીને મજૂર વર્ગના લોકોનો વિશ્વાસ કેળવીને ચોરીના નાણાંની લાલચમાં રોગાળના બંડલો મૂકીને છેતરતાં હતાં.

# ચાઈના જવા ઈચ્છતા ૬ મિત્ર સાથે રૂપિયા ૫.૫૦ લાખની ઠગાઈ

**પીપલોદના** એ.સી. ના વેપારી સહિત ૬ મિત્રએ ચાઇના અને હોંગકોંગ પ્રવાસ માટે ઓનલાઇન બુકિંગ કરાવ્યું હતું

સુરત : પીપલોદ વિસ્તારમાં રહેતા અને સેન્ટ્રલાઈઝ્ડ એ.સી. નો વેપાર કરતા વેપારી તથા તેમના પાંચ મિત્રો સાથે ચાઈનાના પ્રસિદ્ધ 'કેન્ટોનફેર'માં જવાના નામે રૂપિયા ૫,૫૦,૦૫૦ ની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પીપલોદ જકાતનાકા પાસે આવેલી ક્રિષ્ના ધામ સોસાયટીમાં રહેતા ૩૦ વર્ષીય રાઘવેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ પુવાર ઉધના દરવાજા ખાતે સેન્ટ્રલાઈઝ્ડ એ.સી.ના વેચાણ અને રિપેરિંગનો વેપાર કરે છે. રાઘવેન્દ્રસિંહ અને તેમના મિત્રો ઉત્કર્ષ ગોયેલ, આદિત્ય વર્મા, ધવલ સાવજ, યશપાલ મલિક અને હિમાંશુ પુરોહિતે તા. ૧૫/૦૪/૨૦૨૬ થી તા. ૨૬/૦૪/૨૦૨૬ સુધી ચાઈનાના કેન્ટોનફેર તથા હોંગકોંગ પ્રવાસ ઉપર જવાનું નક્કી કરી ટૂર ઓપરેટર અભિષેકને વિઝા, ફ્લાઈટ ટિકિટ અને હોટેલ બુકિંગ માટે રૂપિયા ૭.૭૫ લાખથી વધુની રકમ અભિષેકને ઓનલાઈન ચૂકવી આપી હતી. નાણાં મેળવ્યા બાદ અભિષેકે હોટેલ બુકિંગના વાઉચર વોટ્સએપ પર મોકલ્યા હતા. રાઘવેન્દ્રસિંહે વાઉચરની ચકાસણી કરતા હોટેલમાં કોઈ બુકિંગ થયું ન હોવાનું સામે આવ્યું હતું. જેથી તેણે રિફંડ માંગતાં તેને અભિષેકે માત્ર 2.25 લાખ આપ્યા અને બાકીના નાણાં નહીં આપી વાયદાઓ કરતાં રાઘવેન્દ્રસિંહે અભિષેક જીતેન્દ્રકુમાર ઠક્કર વિરૂદ્ધ ઉમરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# લાંચમાં મનપાના સિક્યુરિટી ઓફિસરના 1 દિ'નાં રિમાન્ડ

**આરોપીના** ઘર અને ઓફિસમાં સર્ચ પણ કંઇ હાથ ન લાગ્યું

સુરતઃ લાંચ કેસમાં પકડાયેલા મનપાના સિક્યુરિટી ઓફિસર શૈલેષ મણીલાલ પારેખને આજે ACBએ તેને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે આરોપીના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જે બાદ ACBની ટીમે આરોપીના ઘર તથા ઓફિસમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે સર્ચ દરમિયાન તપાસને લગતું કોઈ મહત્વનું વસ્તુ કે દસ્તાવેજ હાથ લાગ્યો ન હોવાનું જાણવા મળ્યું છે. ACB દ્વારા હવે મંજૂર થયેલા રિમાન્ડ દરમિયાન આરોપીની વધુ પૂછપરછ કરી લાંચ પ્રકરણની તપાસ આગળ ધપાવવામાં આવશે.

## રિમાન્ડ માટે પોલીસે કયા મુદ્દા રજૂ કર્યા?

**તપાસમાં અસહકારઃ** આરોપી પૂછપરછ દરમિયાન સાચી હકીકત છુપાવી રહ્યા છે અને તપાસમાં સહકાર આપતા નથી. **અન્ય સંડોવણીની તપાસઃ** આ ગુનામાં અન્ય સહ-કર્મચારીઓ કે અધિકારીઓની સંડોવણી તથા આરોપીના પૂર્વ ઇતિહાસ અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવાની બાકી છે. **રૂા. ૨૫,૦૦૦/- ની વહેંચણીઃ** લાંચના છટકા દરમિયાન સ્વીકારેલી રકમમાંથી આ નાણાં કોને-કોને આપવાના હતા, તે અંગે સત્ય હકીકત મેળવવાની બાકી છે. **અગાઉની લાંચ અને ગૂગલ-પે ટ્રાન્ઝેક્શનઃ** અગાઉ પણ લાંચની માંગણી કરી સ્વીકારેલ હોવાની શક્યતા તથા ફરિયાદી પાસે ગૂગલ-પે દ્વારા રૂા. ૪,૦૦૦/- મંગાવી ખોટો મેસેજ મોકલવાના મામલે ખરાઈ કરવાની બાકી છે. **વિડિયોગ્રાફી સ્ટેટમેન્ટઃ** ગુનાના કામે આરોપીનું વિડિયોગ્રાફી સ્ટેટમેન્ટ લેવા માટે પ્રત્યક્ષ હાજરી આવશ્યક છે.



# ધીમી ગતિ, લંબાઈ છતાં પ્રેક્ષકોને 'ડ્રાયફ્રૂટ લાપસી' નાટક ગમી ગયું

**પાત્રોનો** અભિનય સારો પણ પ્રકાશ આયોજન સાધારણ

### આજનું નાટક

થેસ્પિયન આર્ટ્સ સંસ્થાનું નાટક 'માયાજાળ' ભજવાશે.

સુરતઃ સુરત મનપાની નાટ્ય સ્પર્ધામાં આજે જિયાગ્રા પ્રોડકશનનું 'ડ્રાયફ્રુટ લાપસી' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નાટ્યકાર સલિલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, લેખક-દિગ્દર્શક મૃદુલ વૈદ્યના આ નાટકમાં ઈશાની અને વિસ્મયના પ્રેમસંબંધો મનોરંજન પુરૂં પાડ્યું હતું. વિસ્મય તરીકે મૃદુલ વૈદ સારા કલાકાર તરીકે છાપ છોડી ગયા.

ઈશાની તરીકે નિરાલી મોદી પાત્ર અનુરૂપ અભિનય કરી ગયા યુએસએ રિટર્ન મિત્તલ તરીકે વૈદેહી ઉપાધ્યાય પ્રેક્ષકોને હાસ્યની લાપસી પીરસી હતી. અભય તરીકે ઉજ્જવલ જરીવાલા પાત્ર અનુરૂપ રહ્યા, નાની ઈશાની તરીકે નાવ્યાનંદી શાહ સરસ રીતે પાત્ર નિભાવ્યું હતું. જો કે પ્રકાશ આયોજન સાધારણ રહ્યું, નાટકમાં વપરાયેલા ગીતો અને પાર્શ્વ સંગીત નાટકનો પ્રવાહને વધારતો રહ્યો. નાટકની ધીમી ગતિ, બિનજરૂરી લંબાઈ છતાં પ્રેક્ષકોએ 'ડ્રાયફ્રુટ લાપસી' મનભરીને માણી હતી.